### રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે એસ.ટી. બસમાં મુસાફરી કરી

# વિસનગર-આણંદ ઓર્ડિનરી એસ. ટી. બસમાં ગાંધીનગરથી અમદાવાદ, નડિયાદ થઈને આણંદ પહોંચ્યા રાજ્યપાલ



● અમદાવાદ, તા. ૨૫

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આજે આણંદ કૃષિ યુનિવર્સિટીમાં આત્મા પ્રોજેક્ટ અને આણંદ કૃષિ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં ભાગ લેવા માટે પરંપરાગત પ્રોટોકોલ અને વીવીઆઈપી વ્યવસ્થાને બાજુએ રાખીને એક પ્રેરણાદાયક પહેલરૂપે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC)ની એસ.ટી. બસ દ્વારા સામાન્ય નાગરિકોની સાથે મુસાફરી કરીને આણંદ પહોંચ્યા હતા.

આ મુસાફરી માટે રાજ્યપાલે ઑનલાઈન એડવાન્સ બુકિંગ દ્વારા નોન-એસી સુપર ડિલક્સ શ્રેણીની એસ.ટી. બસમાં ત્રણ ટિકિટ બુક કરાવી હતી. આ બસ વિસનગરથી આણંદ સુધીની GJ-18 ZT-0519 નંબરની ઓર્ડિનરી બસ સેવા હતી. રવિવાર સવારે ૭:૨૦ વાગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત કોઈ પૂર્વ સૂચના વિના રાજભવનથી સીધા ગાંધીનગર એસ. ટી. ડેપો પહોંચ્યા અને ત્યાંથી અન્ય સામાન્ય મુસાફરો સાથે આ બસમાં બેઠા હતા. બસ નિર્ધારિત રૂટ અને સ્ટોપેજ મુજબ અમદાવાદના રાણીપ, ગીતામંદિર વગેરે થઈને આગળ વધતી રહી અને સવારે ૧૦:૧૫ વાગે રાજ્યપાલ આણંદ એસ.ટી. બસ સ્ટેશન પર ઉતર્યા હતા.

આ સહજ અને સાદગીભરી સફર દરમિયાન રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે બસમાં બેઠેલા અન્ય મુસાફરો સાથે સંવાદ કર્યો અને સરકાર દ્વારા આપવામાં આવતી પરિવહન સુવિધાઓ અંગે તેમના અભિપ્રાય જાણ્યા હતા. તેમણે જણાવ્યું કે, મુસાફરો એસ.ટી. રોડવેઝની સેવાઓ અને તેમાં થતા નવીનીકરણથી સંતોષ અનુભવી રહ્યા છે.

રાજ્યપાલે પોતાનો અનુભવ જણાવતાં કહ્યું કે, "લાંબા સમયથી મારી ખુબ ઈચ્છા હતી કે એક દિવસ હું ગુજરાત રોડવેઝની સામાન્ય બસમાં, સામાન્ય નાગરિકો સાથે મુસાફરી કરું. આજે સવારે ૭:૨૦ વાગ્યે ગાંધીનગરથી નીકળી અને આશરે ૧૦:૧૫ વાગ્યે આણંદ પહોંચ્યો. આ યાત્રા દરમિયાન રાજ્યના વિવિધ વિસ્તારોના ભાઈ-બહેનો સાથે મુલાકાત અને વાતચીતનો અવસર મળ્યો."

આચાર્ય દેવવ્રતે ઉમેર્યું હતુ કે, "બસમાં બેઠેલા વિદ્યાર્થીઓ, નાનાં બાળકો, યુવાનો, વૃદ્ધો તમામ સાથે સંવાદ કરવાનો મોકો મળ્યો. લોકો સરકાર તરફથી આપવામાં આવતી પરિવહન સુવિધાઓથી પ્રસન્ન છે. મુસાફરો સાથેની મારી મુસાફરીમાં મને આત્મિયતા અને આનંદનો અનુભવ થયો. મારા માટે પણ આ યાત્રા અત્યંત સુખદ અને યાદગાર રહી."

તેમણે કહ્યું કે, "જનતા અને શાસન વચ્ચે જે સમરસતા અને સંવાદ હોવો જોઈએ, તેનો જીવંત અનુભવ મને આ યાત્રામાં થયો. હું માનું છું કે આવી મુસાફરીઓ જનતા સાથે સીધું જોડાણ વધારવામાં મહત્વની ભૂમિકા ભજવે છે."

રાજ્યના પ્રથમ નાગરિક તરીકે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે સામાન્ય નાગરિકોની સાથે બસમાં મુસાફરી કરી અને પ્રશાસન, જનસંપર્ક તથા જનસેવાના મક્કમ મૂલ્યોને સાકાર કર્યા છે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી બે દિવસ ગુજરાતમાં, રૂ.૮૨,૯૫૦ કરોડથી વધુના વિકાસ કાર્યોની ભેટ આપશે

# ભુજમાં વડાપ્રધાનના હસ્તે રૂ.૫૩ હજાર કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત

● અમદાવાદ, તા. ૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૨૬ અને ૨૭ મે, ૨૦૨૫ રોજ ગુજરાતની બે દિવસની મુલાકાતે આવી રહ્યા છે. આ દરમિયાન તેઓ દાહોદ, ભુજ અને ગાંધીનગરમાં રૂ.૮૨,૯૫૦ કરોડથી વધુના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. ૨૬મી તારીખે ભુજમાં વડાપ્રધાનશ્રીના હસ્તે રૂ.૫૩,૪૧૪ કરોડના ખર્ચે ૩૩ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. દાહોદમાં ખરોડ ખાતે ૨૬ મેના રોજ યોજાનાર કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રી રેલવે સહિત રાજ્ય સરકારના વિવિધ વિભાગોના રૂ.૨૪ હજાર કરોડથી વધુ મૂલ્યના વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ - ખાતમુહૂર્ત કરશે. બીજા દિવસે ૨૭મી મેના રોજ તેઓ ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિરમાં આયોજિત વિશેષ કાર્યક્રમમાં હાજરી આપશે અને વિવિધ વિભાગો હેઠળ રૂ.૫,૫૩૬ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.ભુજમાં રૂ.૫૩,૪૧૪ કરોડના ખર્ચે ૩૩ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત વડાપ્રધાન ભુજ ખાતેથી કચ્છ, જામનગર, અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથ, અમદાવાદ, તાપી અને મહિસાગર જિલ્લાને વિવિધ વિકાસકાર્યોની ભેટ આપવા જઈ રહ્યા છે. આ વિકાસકાર્યોમાં કંડલા પોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સોલાર પ્લાન્ટ્સ, પાવર ટ્રાન્સમિશન અને માર્ગ મકાનના વિકાસકાર્યો સામેલ છે. તેઓ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, પાણી પુરવઠા વિભાગ, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ,પાવરગ્રીડ તેમજ દીનદયાલ પોર્ટ ઓથોરિટીના કુલ ૩૩ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. વડાપ્રધાનના હસ્તે જામનગરમાં ૨૨૦/૬૬ કે.વી. બાબરઝર સબસ્ટેશન, અમરેલી, જુનાગઢ, ગીર-સોમનાથમાં ૬૬ કે.વી. HTLS ટ્રાન્સમિશન લાઈનો, મોરબીમાં ૧૧ મેગાવોટ સોલાર પીવી પ્રોજેક્ટ – જાંબુડિયા વિડી, કચ્છ જિલ્લાના મંજલમાં ૧૦ મેગાવોટ સોલાર પીવી પ્રોજેક્ટ, કચ્છ જિલ્લાના લાકડિયા ખાતે ૩૫ મેગાવોટ સોલાર પીવી પ્રોજેક્ટ, જામનગર જિલ્લાના બાબરઝરમાં ૨૧૦ મેગાવોટ સોલાર પીવી પ્રોજેક્ટ, ગાંધીધામની ડી.પી.એ. પ્રશાસનિક કચેરીમાં સેન્ટર ઑફ એક્સેલન્સ, માતાના મઢ ખાતે મંદિર પરિસર, ખાટલા ભવાની, ચાચર કુંડ સહિતના વિસ્તારનો વિકાસ અને સુવિધાઓ જેવા ઘણાં વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવશે.

### અમદાવાદમાં દારૂના નશામાં ધૂત કારચાલાકે યુવકનો જીવ લીધો

# પૂરપાટ ઝડપે આવતી સ્વિફ્ટ કાર એક્ટીવા-બાઈકને ટક્કર મારી પાન પાર્લરમાં ઘૂસી

● અમદાવાદ, તા. ૨૫

અમદાવાદમાં અકસ્માતના બનાવ સતત વધી રહ્યા છે, ત્યારે વધુ બે અકસ્માત થયા છે. જેમાં માનવ મંદિર પાસે ગત રાતે એક કાર ફૂલ ઝડપે આવતા બે વાહનોને અડફેટ લીધા બાદ પાન પાર્લરમાં ઘૂસી હતી. જેના કારણે પાન પાર્લર પર ઉભેલા યુવકનું મોત થયું હતું. આ અકસ્માતમાં અન્ય બે લોકો ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માત કરનાર કાર ચાલક દારૂ પીધેલી હાલતમાં મળી આવ્યો હતો. એ- ડિવિઝન ટ્રાફિક પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી હતી.શહેરના માનવ મંદિર પાસે ગત રાતે ૧૦:૩૦ વાગ્યાની આસપાસ એક સ્વીફ્ટ ગાડીનો ચાલક પૂર ઝડપે આવી રહ્યો હતો. કારચાલકે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા કારે એક્ટીવા ચાલક અને બાઈક ચાલકને ટક્કર મારી હતી. બંનેની ટક્કર માર્યા બાદ કાર વિજય પાન પાર્લરમાં ઘૂસી હતી. આ દરમિયાન પાન પાર્લર પાસે ઉભેલા ૨૭ વર્ષીય કલ્પેશ સોલંકીને ટક્કર મારી હતી. અકસ્માતમાં ઈજાગ્રત કલ્પેશ અને બે વાહન ચાલકોને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન કલ્પેશ સોલંકી નું મોત થયું હતું. જ્યારે બે લોકોને ઈજા થતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ બનાવની જાણ થતા પોલીસ સ્થળ પર પહોંચી હતી. પોલીસે સ્થળ પરથી કારમાંથી એક વ્યક્તિની ધરપકડ કરી હતી. કારમાં બેઠેલો વ્યક્તિ દારૂ પીધેલી હાલતમાં મળી આવ્યો હતો. એ ડિવિઝન ટ્રાફિક પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી હતીઅન્ય એક બનાવમાં વૈષ્ણોદેવી સર્કલ પાસે રહેતા પરેશ પાલિયા નામના આધેડ એક્ટીવા લઈને નોકરીથી ગત રાતે પરત ફરી રહ્યા હતા ત્યારે રાતે ૧:૪૫ વાગે સોલા બ્રિજ પર ફોર્ચ્યુન હોટલની સામે ફોરવ્હીલર ચાલકે ટક્કર મારી હતી. જેથી પરેશભાઈ નીચે પડી જતા તેમણે સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. કારચાલક ગાડી મૂકી અકસ્માત બાદ કરાર થઈ ગયો હતો. જે મામલે એસજી ટ્રાફિક પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે વડોદરાના મહેમાન બનવાના

# વડોદરામાં PM મોદીના રોડ શોનું ભવ્ય રિહર્સલ:એરપોર્ટથી એરફોર્સ ગેટ સુધી ૨૦૦૦ પોલીસ જવાનો તહેનાત

● વડોદરા, તા. ૨૫






વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે વડોદરાના મહેમાન બનવાના છે ત્યારે આજે રેલીને લઈ રિહર્સલ યોજવામાં આવ્યું હતું. જૂના એરપોર્ટથી લઈને એરફોર્સ ગેટ સુધી આબેહૂબ રિહર્સલ યોજવામાં આવ્યું હતું. જેમાં સાંસ્કૃતિક પરંપરાગત સ્વાગતને લઈ વડોદરાના જૂના એરપોર્ટ પર રિહર્સલ યોજવામાં આવ્યુ હતું . આ રિહર્સલમાં વિશેષ સુરક્ષા અને ચાંપતો બંદોબસ્ત જોવા મળ્યો હતો. રેલીના રૂટ પર ઠેર-ઠેર ઓપરેશન સિંદૂર અને સેનાના જવાનો સાથે બ્રહ્મોસ મિસાઈલનું કટઆઉટ પણ એરપોર્ટ સર્કલ પાસે મૂકવામાં આવ્યું છે. આ સાથે સિંદૂર ભરેલ ઘડો પણ મૂકવામાં આવ્યો છે.આવતીકાલે વડાપ્રધાન સવારે ૯:૩૦ વાગ્યે હરણી એરપોર્ટ પર પહોંચશે અને ત્યાંથી એરફોર્સ ગેટ સુધી એક કિલોમીટરનો રોડ શો કરશે. આ રોડ શોમાં શહેર અને જિલ્લાની મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહેશે. આજે યોજાયેલ રિહર્સલમાં ૪૦થી વધુ ગાડીઓનો કાફલો જોવા મળ્યો હતો. રિહર્સલ દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે રૂટ ડાયવર્ટ કરવામાં આવ્યો હતો.રિહર્સલ દરમ્યાન વડાપ્રધાનની સુરક્ષા વ્યવસ્થા માટે ખાસ બંદોબસ્ત અને સુરક્ષા જોવા મળી હતી. સમગ્ર રૂટ પર બે લેયરમાં અને અન્ય સામેના માર્ગ પર એક લેયરમાં બેરીકેટીંગ જોવા મળ્યું હતું. આ સાથે આ રિહર્સલ જૂના એરપોર્ટથી એરફોર્સ ગેટ સુધી ૧૫છ મિનિટમાં યોજાયું હતું. **PM**ના રોડ શોને લઈને વડોદરા પોલીસે સુરક્ષા વ્યવસ્થા માટે વિશેષ તૈયારીઓ કરી છે. **7 DCP, ૧૫ ACP, 70 PI** સહિત ૨૦૦૦થી વધુ પોલીસ અધિકારીઓ અને જવાનો બંદોબસ્તમાં તૈનાત રહેશે. **SPG, NSG** અને ચેતક કમાન્ડોની ટીમો પણ સુરક્ષામાં જોડાશે. વડોદરામાં નો-ફ્લાય ઝોન જાહેર કરવામાં આવ્યો છે, જેના કારણે શહેરમાં ૨૪ કલાક દરમિયાન ડ્રોન કેમેરા ઉડાવવા પર પ્રતિબંધ મૂકાયો છે.

# રાજ્યમાં આગામી ૫ દિવસ ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદ પડશે

● અમદાવાદ, તા. ૨૫

ગુજરાતમાં આગામી પાંચ દિવસ વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે. દાસે જણાવ્યું હતું કે, ગુજરાતમાં આગામી દિવસોમાં ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદની આગાહી છે. દક્ષિણ ગુજરાત અને દક્ષિણ સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

સુરત, વલસાડ, નવસારી, તાપી, નર્મદા, ભરૂચ, દમણ અને દાદરાનગર હવેલીમાં ભારે વરસાદના ઓરેન્જ એલર્ટની આગાહી કરવામાં આવી છે. રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર અને દીવમાં ભારે વરસાદનું ઓરેન્જ અલર્ટ આપવામાં આવ્યું છે. ઉત્તર અને મધ્ય ગુજરાત અને કચ્છમાં છૂટાછવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે. દરમિયાન વેલ માર્ક લો પ્રેશર આજે ડિપ્રેશનમાં પરિવર્તિત થયું છે. આ દરિયાઈ ડિપ્રેશન હાલ મહારાષ્ટ્ર રત્નાગીરીથી ૪૦ કિમી દૂર સક્રિય છે. ગુજરાતના માછીમારોને આગામી ૫ દિવસ દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. આ પાંચ દિવસ દરમિયાન પવનની ગતિ રાજ્યમાં ૩૫-૫૦ કિમી પ્રતિકલાકની રહેવાની સંભાવના છે. કેરળમાં આજે ચોમાસાનું આગમન થયું છે. ગુજરાતમાં ચોમાસું સમાન્ય રીતે ૧૫ જૂન આસપાસ હોય છે.

# અમદાવાદના ચંડોળા તળાવમાં રોજના ૧૦૦ ટ્રકો મૂકી કાટમાળ હટાવી તળાવને ઊંડુ કરવાનું કામ શરૂ

● અમદાવાદ, તા. ૨૫

અમદાવાદના સૌથી મોટા ચંડોળા તળાવ પરના ૧૨ હજાર જેટલા નાના-મોટા કાચા પાકા દબાણો મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દૂર કરવામાં આવ્યા છે. મકાનોના કાટમાળને હટાવવા માટે અને તળાવનું ડેવલોપમેન્ટ કરવાનું હોવાથી ઊંડું કરવાની કામગીરી શરૂ થઈ ગઈ છે.મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૧૪ જે.સી.બી. મશીન, ૧૦૦ ટ્રક વાહન તથા હિટાચી મશીન ઉપયોગ કરી રોજનો ૨૦૦૦ ટનથી વધુ કાટમાળ હટાવવામાં આવી રહ્યો છે. તળાવને ખોદી માટી કાઢવામાં આવી રહી છે. ચંડોળા તળાવ જે એક સમયે ચારે તરફથી મકાનો અને ઝૂંપડાઓથી ઘેરાયેલું હતું, જે આજે ખુલ્લું જોવા મળી રહ્યું છે અને ચંડોળા તળાવમાં ટ્રકો અને જેસીબી મશીનો કાટમાળ હટાવવાની કામગીરીમાં કાર્યરત છે.

રાજ્યના સૌથી મોટા મેગો ડિમોલેશન અને માત્ર બે દિવસમાં જ ૧૦,૦૦૦થી વધુ નાના-મોટા કાચા પાકા મકાનો તોડવાની કામગીરી અમદાવાદના ચંડોળા તળાવમાં મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર અને પોલીસ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી હતી. ચંડોળા તળાવમાંથી બાંધકામો દૂર થયા બાદનો ડ્રોન વીડિયો સામે આવ્યો છે, જેમાં સંપૂર્ણપણે તળાવ દબાણમુકત અને ખુલ્લુ દેખાય છે.ગણેશ ઉપર કોર્પોરેશન દ્વારા બાંધકામ દૂર કર્યા બાદ બીજા દિવસથી જ કાટમાળ હટાવવાની કામગીરી શરૂ કરી દેવાય છે તો બીજી તરફ પ્રથમ તબક્કામાં જ્યાં બાંધકામ તોડવામાં આવ્યા હતા ત્યાં કાટમાળ હટાવી તળાવને ઊંડું કરવાની કામગીરી ચાલી રહી છે.

અમદાવાદ શહેરના ચંડોળા તળાવમાં કુલ ૧૧ લાખ ચોરસ મીટરનું ક્ષેત્રફળ ધરાવતા વિસ્તારને છસ્ઝ દ્વારા તળાવનો સંપૂર્ણ વિકાસ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. રોજના ૧૦૦ ટ્રકો અને જેસીબી મશીનો મારફતે ૨૮૦૦ મેટ્રિક ટનથી વધુ કાટમાળ દૂર થઈ રહ્યો છે. તળાવમાંથી કાટમાળ દૂર કરવાની સાથે સાથે પાણીનો સંગ્રહ કરવા માટે તળાવને ઊંડું કરવાની કામગીરી પણ ઝોનમાંથી કરવામાં આવી રહી છે.

ચંડોળા તળાવના ભાગને ઊંડો કરી અને એ માટી બહાર કાઢવામાં આવે છે, તેને મ્યુનિસિપલ કોર્પોરેશનના ગાર્ડન વિભાગના ઘનિષ્ઠ વનીકરણ પ્રોજેક્ટ અંતર્ગત ગ્યાસપુર ખાતે ઉપયોગમાં લેવામાં આવશે છે. જ્યારે દબાણો દુર કર્યા બાદ નીકળેલા કન્સ્ટ્રક્શન અને ડિમોલેશન વિસ્ટને AMCના C & D વેસ્ટ પ્રોસેસીંગ પ્લાન્ટ ખાતે વેસ્ટમાંથી જુદી-જુદી પ્રોડક્ટ બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવશે.

શહેરના ચંડોળા વિસ્તારમાં મેગા ડિમોલેશન કરવામાં આવ્યું છે જેમાં હજારો ટન કન્સ્ટ્રક્શન વેસ્ટનો કાટમાળ એકત્રિત થયો છે. આ કાટમાળ ખસેડવાની કામગીરી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે પ્રથમ તબક્કામાં ૪,૦૦૦થી વધુ નાના-મોટા કાચા પાકા મકાનોને તોડવામાં આવ્યા હતા જેના કાટમાળને દૂર કરવાની પ્રક્રિયા ચાલી રહી છે જે અંતર્ગત ૨૦૦૦૦ ટનથી વધુ કાટમાળ અત્યારે ત્યાંથી દૂર કરી દેવામાં આવ્યો છે.

ચંડોળા તળાવમાંથી જે કાટમાળ એકત્રિત થયો છે તે તમામને બે ભાગમાં વહેંચી દેવામાં આવ્યો છે જેમાં મોટાભાગનો કન્સ્ટ્રક્શન વેસ્ટ મ્યુનિસિપલ કોર્પોરેશન નો સીએનડી વેસ્ટનો પ્લાન્ટ ચાલી રહ્યો છે જેમાં એજન્સી દ્વારા પેવર બ્લોક અને બેન્ચ સહિતની ચીજ વસ્તુઓ બનાવવામાં આવે છે તેમાં મોકલવામાં આવી રહ્યો છે. કેટલોક કન્સ્ટ્રક્શન વેસ્ટ આગામી ચોમાસા દરમિયાન ખાડા પૂરવા માટે મૂકી રાખવામાં આવશે કારણ કે ચોમાસા દરમિયાન શહેરમાં નાના-મોટા ખાડા પડતા હોય છે ત્યારે ડામરનો ઉપયોગ કરી અને તેને પૂરી ન શકાતા હોવાથી કન્સ્ટ્રક્શન વેસ્ટનો ઉપયોગ કરી અને આ ખાડા પૂરી શકાય તેના માટે ચંડોળા તળાવના કન્સ્ટ્રક્શન વેસ્ટનો પણ તેમાં ઉપયોગ કરવામાં આવશે.

# બ્રુકફિલ્ડ સમર્થિત ધ લીલા પેલેસ, હોટેલ્સ એન્ડ રિસોર્ટ્સે ઇક્વિટી શેર દીઠ રૂ. ૪૩૫ના અપર એન્ડ પ્રાઇઝ બેન્ડ પર ૪૭ એન્કર ઇન્વેસ્ટર્સ પાસેથી રૂ. ૧,૫૭૫ કરોડ એકત્રિત કર્યા

● મુંબઈ, તા. ૨૫

બ્રુકફિલ્ડ સમર્થિત ધ લીલા પેલેસીસ, હોટલ્સ અને રિસોર્ટ્સે (શ્લોસ બેંગ્લોર લિમિટેડ) અગ્રણી સ્થાનિક અને વૈશ્વિક એન્કર સહિત ૪૭ એન્કર ઈન્વેસ્ટર્સને ૩,૬૨,૦૬,૮૯૬ ઈક્વિટી શેર્સ ફાળવ્યા છે અને ઈક્વિટી શેર દીઠ રૂ. ૧૦ની ફેસ વેલ્યુ પર ઈક્વિટી શેર દીઠ રૂ. ૪૩૫ના અપર એન્ડ પ્રાઈઝ બેન્ડ પર કંપનીના સૂચિત આઈપીઓ પહેલા રૂ. ૧,૫૭૫ કરોડ એકત્રિત કર્યા છે. એન્કર ઈન્વેસ્ટર્સને ફાળવેલા ૩,૬૨,૦૬,૮૯૬ ઈક્વિટી શેર્સ પૈકી ૧,૪૨,૫૨,૯૭૦ ઈક્વિટી શેર્સ કુલ ૨૦ સ્કીમ્સ થકી ૯ સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સને ફાળવવામાં આવ્યા હતા.

એન્કર બુકને એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડ, આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ મ્યુચ્યુઅલ ફંડ, નિપ્પોન ઈન્ડિયા મ્યુચ્યુઅલ ફંડ, મિરે એસેટ અને ઈન્વેસ્કો મ્યુચ્યુઅલ ફંડ જેવા અગ્રણી મ્યુચ્યુઅલ ફંડ્સ તથા મેક્સ લાઈફ અને બિરલા લાઈફ જેવી ઈન્શ્યોરન્સ કંપનીઓ સહિત સ્થાનિક ઈન્સ્ટિટ્યૂશનલ ઈન્વેસ્ટર્સ તરફથી મોટાભાગે સહભાગિતા મળી હતી. વૈશ્વિક સ્તરે પણ સંસ્થાઓએ રસ દર્શાવ્યો હતો અને થિંક ઈન્વેસ્ટ, ફિડેલિટી, નોર્જીસ બેંક, વ્હાઈટઑક લ્યુનેટ, યુસી રેજેન્ટ્સ, ટીટી ઈન્ટરનેશનલ અને વાર્ડ ફેરી જેવી સોવરેન અને લાંબા ગાળાની એફઆઈઆઈ તરફથી મજબૂત રસ જોવા મળ્યો હતો.ઓફરમાં બ્રુકફિલ્ડની માલિકીની પ્રોજેક્ટ બેલેટ બેંગ્લોર હોલ્ડિંગ્સ (ડીઆઈએફસી) પ્રાઈવેટ લિમિટેડ દ્વારા રૂ. ૧,૦૦૦ કરોડ સુધીના મૂલ્યના ઈક્વિટી શેર્સના વેચાણ માટેની ઓફર અને રૂ. ૨,૫૦૦ કરોડ સુધીના મૂલ્યના ઈક્વિટી શેર્સના ફ્રેશ ઈશ્યૂનો સમાવેશ થાય છે. કંપની તેના દ્વારા અને તેની સંપૂર્ણ માલિકીની પેટા કંપનીઓ અને સ્ટેપ-ડાઉન સબસિડીયરી દ્વારા મેળવાયેલા ચોક્કસ ઋણની, મેળવેલ વ્યાજ અને પ્રીપેમેન્ટ પેનલ્ટીઝની સંપૂર્ણ અથવા આંશિકપણે ચૂકવણી કે પૂર્વચૂકવણી કે રિડમ્પશન માટે તથા સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ફ્રેશ ઈશ્યૂમાંથી મળનારી કુલ રકમનો ઉપયોગ કરવાની યોજના ધરાવે છે.

# નશામાં ધૂત PSI પઢીયારે બે મહિલા પોલીસ કર્મીની એક્ટિવા, GSTના એડિશનલ કમિશનરની કાર સહિત ત્રણ વાહનોને અડફેટે લીધા

● વડોદરા, ૨૫

છાણી બ્રિજ પાસે શનિવારની રાત્રે નશામાં ધૂત પી.એસ.આઈએ બેફામ કાર હંકારી ત્રણ વાહનોને અડફેટે લઈ અકસ્માત સર્જ્યો હતો. જેને પગલે રસ્તા પરથી પસાર થતાં અન્ય વાહન ચાલકોએ ખાખી વર્ધીમાં રહેલા પી.એસ.આઈને પકડી પાડી પોલીસને હવાલે કર્યો હતો. છાણી પોલીસે આ મામલે બે જુદા જુદા ગુનાઓ નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. જોકે આ ચકચારી ઘટનાને પગલે પી.એસ.આઈ વાય.એચ પઢીયારને તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે.

છાણી પોલીસ સ્ટેશન ખાતે જવાહરનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા મહિલા પોલીસ કર્મી અંકિતાબેન ગઢવીએ નોંધાવેલી ફરીયાદ અનુસાર, વડાપ્રધાન નરેન્દ્ર મોદી વડોદરા આવવાના હોય તે પહેલા પોલીસ દ્વારા રિહર્સલ બંદોબસ્ત પતાવી તેમના સાથી કર્મી દર્શનાબેન સાથે એક્ટિવા પર રાતે આશરે ૯ વાગ્યાની આસપાસ છાણી રોડથી જી.એસ.એફ.સી બ્રિજ તરફ જઈ રહ્યાં હતા. ત્યારે એક કાર ચાલક પુરઝડપે આવી પાછળથી અથાડી ફરાર થયો હતો. આ અકસ્માતમાં એક્ટિવા પર સવાર બન્ને મહિલા પોલીસ કર્મીઓને ઈજા પહોંચી હતી.

ત્યારબાદ આ કાર ચાલકે છાયાપુરી બ્રિજ ઉપર અન્ય એક વાહન ચાલકને પણ અડફેટે લીધો હતો. જેથી લોકોએ કાર ચાલકને રોકતા રસ્તા પર મોટી સંખ્યામાં ભીડ એકત્ર થઈ હતી. ત્યાં પહોંચી જોતા કાળા રંગની બ્રીઝા કારમાં સવાર પી.એસ. આઈ યુનિફોર્મમાં હોવાનું જાણવા મળ્યું હતુ.

### ૨૪ - કડી વિધાનસભા (અ.જા.) અને ૮૭ – વિસાવદર વિધાનસભા બેઠક માટે પેટા ચૂંટણી જાહેર, આગામી તા.૧૯મી જૂનના રોજ યોજાશે મતદાન

# કડીના ધારાસભ્ય કરસન સોલંકીના અવસાન અને વિસાવદરના ધારાસભ્ય ભુપેન્દ્રભાઈ ભાયાણીના રાજીનામાના કારણે ખાલી પડેલી વિધાનસભા બેઠકો પર પેટા ચૂંટણી

● અમદાવાદ, તા. ૨૫

ભારતના ચૂંટણી પંચ દ્વારા મહેસાણા જિલ્લામાં સમાવિષ્ટ કડી વિધાનસભા બેઠક તથા જુનાગઢ જિલ્લામાં સમાવિષ્ટ વિસાવદર વિધાનસભા બેઠક માટે પેટાચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. જે અંતર્ગત બંને વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણી માટે આવતીકાલે તા.૨૬ મે, ૨૦૨૫ના રોજ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવશે. જ્યારે તા.૧૯ જૂન, ૨૦૨૫ ના રોજ મતદાન તથા તા.૨૩ જૂન, ૨૦૨૫ ના રોજ પરિણામ જાહેર કરવામાં આવશે.

ભારતના ચૂંટણી પંચ દ્વારા કેરળ પંજાબ અને પશ્ચિમ બંગાળની એક-એક વિધાનસભા બેઠક પર પેટા ચૂંટણી સહિત ગુજરાતની બે બેઠકો માટે પેટાચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. જે પૈકી ગુજરાતની ૨૪ – કડી વિધાનસભા (અ.જા.) અને ૮૭ – વિસાવદર વિધાનસભા બેઠક માટે તા.૧૯ જૂન, ૨૦૨૫ ના રોજ મતદાન યોજાશે. કડી અને વિસાવદર વિધાનસભા બેઠકો માટે તા.૨૬ મે, ૨૦૨૫ થી તા. ૦૨ જૂન, ૨૦૨૫ સુધીમાં જાહેર રજાના દિવસો સિવાય

ઉમેદવારીપત્રો ભરી શકાશે. કડી અને વિસાવદર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી સંદર્ભે આજરોજ તા.૨૫ મે, ૨૦૨૫ થી આદર્શ આચાર સંહિતા લાગુ પડશે. ગત તા. ૦૫ મે, ૨૦૨૫ ના રોજ તા.૦૧ એપ્રિલ, ૨૦૨૫ ની લાયકાતવાળી આખરી મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવી હતી. ત્યારબાદ મતદાર યાદીની સતત સુધારણા મુજબ હાલની સ્થિતિએ મહેસાણા જિલ્લાની ૨૪-કડી (અ.જા.) વિધાનસભા મતવિસ્તારમાં આખરી મતદારયાદી પ્રમાણે ૧,૪૯,૭૬૦ પુરુષ,

૧,૪૦,૦૯૨ મહિલા અને ત્રીજી જાતિના ૦૪ મળી કુલ ૨,૮૯,૮૫૬ મતદારો નોંધાયા છે. જ્યારે જુનાગઢ જિલ્લાની ૮૭-વિસાવદર વિધાનસભા મતવિસ્તારમાં આખરી મતદારયાદી પ્રમાણે ૧,૩૫,૬૦૯ પુરુષ, ૧,૨૫,૪૭૯ મહિલા અને ત્રીજી જાતિના ૦૪ મળી કુલ ૨,૬૧,૦૯૨ મતદારો નોંધાયા છે.

ઉલ્લેખનીય છે કે, કડીના ધારાસભ્ય કરસનભાઈ સોલંકીના અવસાનથી તથા વિસાવદરના ધારાસભ્ય ભુપેન્દ્રભાઈ ભાયાણીના રાજીનામાના કારણે આ વિધાનસભા બેઠકો ખાલી પડી હતી.


## Styrenix Performance Materials Limited

(formerly known as Ineos Styrolution India Limited)

CIN : L25200GJ1973PLC002436

**Registered Office :** 9th Floor, "Shiva", Sarabhai Complex, Dr. Vikram Sarabhai Marg, Vadiwadi,, Vadodara - 390 023, Gujarat, India.

**Tele :** +91 265-2303201 / 02 **E-Mail :** secshare@styrenix.com **Website :** www.styrenix.com

(INR in Crores)

**Statement of Standalone Audited Financial Results For the Quarter and Year Ended Mar 31, 2025**

| | Particulars | For the Quarter ended | | For the Period Ended | |
|---|---|---|---|---|---|
| | | Mar 31, 2025 (Audited) | Mar 31, 2024 (Audited) | Mar 31, 2025 (Audited) | Mar 31, 2024 (Audited) |
| 1 | Revenue from operations | 701.66 | 598.71 | 2,744.38 | 2,222.17 |
| 2 | Other income | 1.27 | 2.39 | 10.78 | 9.26 |
| 3 | **Total income (1 + 2)** | **702.93** | **601.10** | **2,755.16** | **2,231.43** |
| 4 | **Expenses** | | | | |
| | Cost of materials consumed | 557.13 | 449.55 | 2,176.32 | 1,666.53 |
| | Changes in inventories of finished goods and work-in-progress | (37.16) | 1.92 | (116.05) | (4.28) |
| | Employee benefits expense | 18.82 | 16.27 | 70.31 | 67.20 |
| | Other expenses | 81.13 | 59.10 | 268.78 | 229.19 |
| | **Total expenses (4)** | **619.92** | **526.84** | **2,399.36** | **1,958.64** |
| 5 | **PBDIT : Profit before Depreciation, Interest and Tax expense (3 - 4)** | **83.01** | **74.26** | **355.79** | **272.79** |
| 6 | Finance Costs | 0.95 | 0.62 | 3.53 | 2.76 |
| 7 | **PBDT : Profit before Depreciation and Tax expense (5 - 6)** | **82.06** | **73.64** | **352.26** | **270.03** |
| 8 | Depreciation and amortisation expense | 10.04 | 9.21 | 39.30 | 36.78 |
| 9 | **Profit before tax (7 - 8)** | **72.02** | **64.43** | **312.97** | **233.25** |
| 10 | **Tax expense** | | | | |
| | Current tax | 21.51 | 15.20 | 84.72 | 61.60 |
| | Deferred tax charge / (credit) | (2.65) | (0.14) | (3.92) | (1.51) |
| | **Total tax expense (10)** | **18.86** | **15.06** | **80.80** | **60.09** |
| 11 | **Profit for the Period / Year (9 - 10)** | **53.16** | **49.37** | **232.17** | **173.16** |
| 12 | **Other comprehensive income** | | | | |
| | **Items that will not be reclassified to profit or loss** | | | | |
| | Remeasurements of defined benefit plans - (Loss) / Gain | (0.33) | 0.10 | (0.62) | 0.16 |
| | Income tax relating to remeasurements of defined benefit plans | 0.08 | (0.02) | 0.16 | (0.04) |
| | **Total other comprehensive income, net of tax (12)** | **(0.25)** | **0.08** | **(0.46)** | **0.12** |
| 13 | **Total comprehensive income for the Period / Year (11 + 12)** | **52.91** | **49.45** | **231.71** | **173.28** |
| 14 | Paid-up equity share capital (Face value of the share : INR 10) | 17.59 | 17.59 | 17.59 | 17.59 |
| 15 | **Other Equity** | - | - | **833.10** | **705.15** |
| 16 | **Earnings per share (Not annualised)** | | | | |
| | Nominal value per equity share of INR 10 each | | | | |
| | Basic and Diluted (INR) | 30.23 | 28.07 | 132.02 | 98.47 |

**Statement of Consolidated Audited Financial Results For the Quarter and Year Ended Mar 31, 2025**

| | Particulars | For the Quarter ended | | For the Period Ended | |
|---|---|---|---|---|---|
| | | Mar 31, 2025 (Audited) | Mar 31, 2024 (Audited) | Mar 31, 2025 (Audited) | Mar 31, 2024 (Audited) |
| 1 | Revenue from operations | 939.71 | 598.71 | 2,982.42 | 2,222.17 |
| 2 | Other income | 2.67 | 2.39 | 12.18 | 9.26 |
| 3 | Total income (1 + 2) | 942.38 | 601.10 | 2,994.60 | 2,231.43 |
| 4 | Expenses | - | - | - | - |
| | Cost of materials consumed | 841.37 | 449.55 | 2,460.56 | 1,666.53 |
| | Changes in inventories of finished goods and work-in-progress | (161.78) | 1.92 | (240.67) | (4.28) |
| | Employee benefits expense | 38.53 | 16.27 | 90.02 | 67.20 |
| | Other expenses | 134.36 | 59.10 | 322.01 | 229.19 |
| | Total expenses (4) | 852.47 | 526.84 | 2,631.92 | 1,958.64 |
| 5 | PBDIT : Profit before Depreciation, Interest and Tax expense (3 - 4) | 89.91 | 74.26 | 362.68 | 272.79 |
| 6 | Finance Costs | 3.07 | 0.62 | 5.65 | 2.76 |
| 7 | PBDT : Profit before Depreciation and Tax expense (5 - 6) | 86.84 | 73.64 | 357.03 | 270.03 |
| 8 | Depreciation and amortisation expense | 23.98 | 9.21 | 53.24 | 36.78 |
| 9 | Profit before tax (7 - 8) | 62.86 | 64.43 | 303.79 | 233.26 |
| 10 | Tax expense | - | - | - | - |
| | Current tax | 20.12 | 15.20 | 83.33 | 61.60 |
| | Deferred tax charge / (credit) | (13.43) | (0.14) | (14.70) | (1.51) |
| | Total tax expense (10) | 6.69 | 15.06 | 68.63 | 60.09 |
| 11 | Profit for the Period / Year (9 - 10) | 56.17 | 49.37 | 235.16 | 173.16 |
| 12 | Other comprehensive income | - | - | - | - |
| | Items that will not be reclassified to profit or loss | - | - | - | - |
| | Remeasurements of defined benefit plans - (Loss) / Gain | 0.20 | 0.10 | (0.07) | 0.16 |
| | Income tax relating to remeasurements of defined benefit plans | (0.02) | (0.02) | 0.05 | (0.04) |
| | Items that will be reclassified to profit or loss | - | - | - | - |
| | Changes in foreign exchange reserve | (1.59) | - | (1.59) | - |
| | Total other comprehensive income, net of tax (12) | (1.42) | 0.08 | (1.61) | 0.12 |
| 13 | Total comprehensive income for the Period / Year (11 + 12) | 54.75 | 49.45 | 233.55 | 173.28 |
| 14 | Profit after tax attributable to: | - | - | - | - |
| | Owners of the company | 56.17 | 49.37 | 235.16 | 173.16 |
| | Non-controlling interest | - | - | - | - |
| 15 | Other Comprehensive income attributable to : | - | - | - | - |
| | Owners of the company | (1.42) | 0.08 | (1.61) | 0.12 |
| | Non-controlling interest | - | - | - | - |
| 16 | Total Comprehensive income attributable to : | - | - | - | - |
| | Owners of the company | 54.75 | 49.45 | 233.55 | 173.28 |
| | Non-controlling interest | - | - | - | - |
| 17 | Paid-up equity share capital | 17.59 | 17.59 | 17.59 | 17.59 |
| | (Face value of the share : INR 10) | - | - | - | - |
| 18 | Other Equity | - | - | 1,149.99 | 705.15 |
| 19 | Earnings per share | - | - | - | - |
| | Nominal value per equity share of INR 10 each | - | - | - | - |
| | Basic and Diluted (INR) | 31.94 | 28.07 | 133.73 | 98.47 |

**Notes:**

1. The Standalone and Consolidated statements were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company at their respective meetings held on May 24, 2025. The statutory auditor have expressed unmodified conclusion on the aforesaid results.
2. The above is an extract of the detailed format of the financial results for the quarter and year ended Mar 31, 2025 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.The full format of these financial results are available on the Stock Exchange websites (www.bseindia.com/www.nseindia.com) and company's website www.styrenix.com.)
3. **The Company has acquired Styrenix Performance Materials (Thailand) Ltd in Jan 2025 only** and the Consolidated results for the Year ended Mar 31, 2025 includes financial results of Subsidiaries. In the previous FY 2023-24, the Company did not have any subsidiaries; therefore, only Standalone Financial Statements were prepared. Accordingly, the previous year's figures presented in the Consolidated Financial Statements are derived from the Standalone Financial Statements of the Company and are not comparable with the current year's consolidated figures.

**For Styrenix Performance Materials Limited**
**(formerly known as Ineos Styrolution India Limited)**

**Rakesh S Agrawal**
**Chairman**
**DIN : 00057955**

**Place : Vadodara**
**Date : May 24, 2025**